# કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાની કચેરી

બ્લોક-૧૪/૧, ડો. જીવરાજ મહેતા ભવન,

સેક્ટર-૧૦, ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૦૧૦

મધ્યાહ્ન ભોજન યોજના
Mid Day Meal Scheme

Email Id- commissionermdm@gmail.com, Office No.-079-232-53450


ક્રમાંક:મભય/અમલ/કિ.ગા/૨૦૨૧-૨૨/૧૦૮૨૦-૯૪૦ તા.૨૭/૦૮/૨૦૨૧

27 AUG 2021

પ્રતિ

(૧) નાયબ કલેક્ટરશ્રી,
મધ્યાહ્ન ભોજન યોજના,
તમામ જિલ્લા/કોર્પોરેશન

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પંચાયતની કચેરી,
તમામ જિલ્લા

(૩) શાસના અધિકારીશ્રી,
તમામ કોર્પોરેશન

વિષય :- શાળાઓમાં "કિચન ગાર્ડન" વિકસાવવા બાબત.
રાષ્ટ્રીય પોષણ માહ સપ્ટેમ્બર-૨૦૨૧ના પ્રથમ અઠવાડીયામાં હાથ ધરવાની કામગીરી

સંદર્ભ :- (૧) ભારત સરકારશ્રીના સચિવશ્રી (શિક્ષણ અને સાક્ષરતા વિભાગ) અને મહિલા અને બાળ વિકાસનો તા.૨૬/૦૮/૨૦૨૧નો સંયુક્ત પત્ર ક્રમાંક :D.O.No.PA/177/2021-US (MKS)

(૨) સચિવશ્રી મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો તા.૨૬/૦૮/૨૦૨૧નો પત્ર ક્રમાંક: D.O.No.PA/174/2021-US (MKS)

શ્રીમાન,

આપશ્રી સુવિદિત છો કે, "રાષ્ટ્રીય પોષણ માહ" તરીકે સપ્ટેમ્બર-૨૦૨૧ ની ઉજવણી સમગ્ર રાષ્ટ્રમાં થઈ રહેલ છે. આ સાથે ભારત સરકારશ્રીના સચિવશ્રી (શિક્ષણ અને સાક્ષરતા વિભાગ) અને મહિલા અને બાળ વિકાસનો તા.૨૬/૦૮/૨૦૨૧નો સંયુક્ત પત્ર તથા સચિવશ્રી મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો તા.૨૬/૦૮/૨૦૨૧નો પત્ર સામેલ છે. જે વંચાણે લેવા વિનંતી.

3069

આ-૨ ૩/૯/૨૦૨૧ ૮/૮

પોષણ માસ સપ્ટેમ્બર-૨૦૨૧માં ભારત સરકારના ઉક્ત પત્રથી મળેલ સૂચના મુજબ રાજ્યની તમામ શાળાઓમાં સપ્ટેમ્બર-૨૦૨૧ના પ્રથમ અઠવાડીયામાં ઝુંબેશ રૂપે "કિચન ગાર્ડન" વિકસાવવા માટેની પ્રવૃતિ હાથ ધરવાની છે. હાલમાં વર્ષા ઋતુ ગુજરાતમાં સક્રિય છે. નવા છોડ, રોપાઓ ઉછેરવાનું અનુકૂળ વાતાવરણ છે. તેથી પ્રત્યેક શાળાઓમાં ઉપલબ્ધ જગ્યા પ્રમાણે મધ્યાહ્ન ભોજન યોજનામાં વપરાશ થઈ શકે તેવા શાકભાજીના છોડ ઉદાહરણ તરીકે, રીંગણ, ટામેટાં, દૂધી, ધાણા, મરચાં, આદું તથા સરગવા, લીંબુ, જામફળ જેવા દીર્ઘઆયુ રોપાંઓનું વાવેતર અને કાળજીપૂર્વક ઉછેર થાય તે માટે હાલની આ વર્ષા ઋતુનો સમય ખુબજ અનુકૂળ છે.

શાળાઓમાં કિચન ગાર્ડન બનાવવા માટે આપની કક્ષાએથી જિલ્લા કક્ષાની બાગાયત કચેરી, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી અને નાયબ જિલ્લા પ્રાથમિક અધિકારીશ્રી વગેરેને જાણ કરવા તથા જરૂરી કાર્યવાહી માટે માર્ગદર્શક સૂચનાઓ આપવા વિનંતી છે. બ્લોક લેવલની પ્રવૃતિઓની વિગતો **poshanabhiyaan.gov.in** વેબસાઇટ પર અચૂક અપલોડ કરવાની રેહશે.

સંયુક્ત કમિશનર
મધ્યાહ્ન ભોજન યોજના
ગાંધીનગર

બિડાણ સામેલ છે.

---

જા.નં/મા-૨/તાલીમ/૨૦૨૧/ 13059

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
જિલ્લા સેવા સદન-૨, બી-૩
અઠવાલાઇન્સ, સુરત.
તા.1૫/૦૯//૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર અને જિલ્લાની તમામ સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ પ્રાથમિક /માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓ.

૨/-જાણ તથા અમલ થવા સારું.

જિલ્લાશિક્ષણાધિકારી
સુરત, જિલ્લા-સુરત